

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લૂંટાવી લોનો, લાંચના નશે, આંખ લાલ રાખશે!*
*છૂટી ગયા ઘોડા, તબેલાનો હવે ખ્યાલ રાખશે!*
*ન્યાય કરશે સરકારને નિયમો નેવે મૂકી -*
*ડિફોલ્ટરો સામે હવે બેન્કો આંખ લાલ રાખશે!*
*(કિંગફીશરનો નશો?!)*

### હાઈકુ

*ગુલામ છાપાં,*
*છટપટાવે પૂંછે -*
*સર્વેના સોદા?*

*કરશે જાદુ ?*
*જાદુગર 'બટન' -*
*ખેલ કમાલ!!*

### ચિંતન

*મુક્તઃ પ્રતિજ્ઞાનાત્ ।*

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**મુંડક ઉપનિષદમાં જણાવ્યું છે કે 'પરમાત્માને અને પરમાત્માના લોકને અથવા ધામને પ્રાપ્ત કરનાર મહાપુરુષ સદાને માટે સર્વ પ્રકારનાં બંધનોથી છૂટી જાય છે' બ્રહ્મસૂત્રના આ ઉલ્લેખ પરથી પ્રતીતિ થાય છે કે, પરમધામમાં પોતાના મૂળભૂત વાસ્તવિક સત્યસ્વરુપથી સંપન્ન થયા પછી મહાપુરુષ સર્વ પ્રકારનાં બંધનોથી રહિત, સંપૂર્ણ શુદ્ધિ, બુદ્ધિ, વિભુ વિકાર રહિત અને વિજ્ઞાનમય બની જાય છે. અમુ આખું સ્વરુપ અલૌકિક બની જાય છે.**

**પરમાત્માની પ્રાપ્તિ એટલે દિવ્ય જ્ઞાન, સાચી સમજ, જીવનના ધ્યેય અને હેતુઓની સાચી દિશા એ જ પરમાત્માનું સ્થાન લોક છે. કર્તવ્ય અને ફરજનું અમલીકરણ એ જ પરમાધામ છે. જે બંધનમુક્ત બનાવે છે.**

### સુવિચાર

- બધા કહે છે કે આપણે ત્રિભેટે ઊભા છીએ, આ વાતે બદા એકમત છે, પણ પછી રસ્તાઓનાં પાટિયા વાંચવામાંમાં કોઈ એકમત થતા નથી - **હેન્રી ટર્નર**
- અપરિગ્રહનો એક ઉત્તમ અર્થ - મનમાં કોઈ પણ વાતને કે કર્તવ્યને જકડીને સંગ્રહ ન રાખવું તે પણ છે - **શ્રી મોટા**
- આજે કરવા જેવું મેં શું ન કર્યું અને ન કરવા જેવું મેં શું કર્યું એનો જે રોજ સૂતાં જાગતા વિચાર કરે છે તેને કદી પસ્તાવાનો વખત આવતો નથી - **તૈતરિય ઉપનિષદ**
- પરસેવો સિંચ્યા વિના રૂપિયાનું ઝાડ ઊગતું નથી - **સુરેશ દલાલ**
- નિર્બળ ને ભલે દુશ્મન બનાવો પણ એને મિત્ર કદી નહિ બનાવતા - **મુંબઈ સમાચાર**
- મારું ધ્યેય સત્ય છે, સુખ નહિ - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : દહીમાં મરી પાઉડર મેળવી વાઘ ધોવાથી વાળ સ્વચ્છ થાય છે ઉપરાંત મુલાયમ ઘાટ્ટા થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

શ્રીમદ્ રાજચંદ્રને કોઈએ પૂછ્યું, 'આપની દૃષ્ટિએ આજનો માણસ કેવો છે ?'

રાજચંદ્રએ કહ્યું, 'તમારા એક હાથમાં ઘી ભરેલું વાસણ હોય અને બીજા હાથમાં છાશ ભરેલું વાસણ હોય. તમે રસ્તેથી જઈ રહ્યા હો ને કોઈ તમને ધક્કો મારે તો તમે કયા લોટાની વધુ સંભાળ લેશો?'

પેલા માણસે કહ્યું, 'ઘી વાળું વાસણ જ સંભાળવું પડશે ને ?!'

રાજચંદ્રએ કહ્યું, 'બસ ત્યારે, આ દેહ છાશના ઠેકાણે છે, તેને લોકો સંભાળે છે, પરંતુ દેહમાં રહેલો આત્મા ઘીના ઠેકાણે છે તેને લોકો પડવા દે છે, તેને ધક્કા વાગ્યા કરે છે પણ કોઈ સંભાળતું નથી. માણસ આવો નાદાન છે.'

પેલો વ્યક્તિ રાજચંદ્રનો જવાબ સાંભળી ચરણમાં પડી ગયો.

# એક્ઝિટ પોલથી એક્ઝિટ કોની...

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીએ ફક્ત ગુજરાતમાં જ નહીં બલકે સમગ્ર દેશ અને દુનિયામાં ભારે કુતૂહલ સર્જ્યું હતું. ભાજપ અને એના બેઉ ગુજરાતી રાષ્ટ્રીય નેતાઓ માટે આ ચૂંટણી એમની કારકિર્દીની અત્યંત કપરી કસોટી હતી તો વળી પા સદીથી સત્તાવિરોણી કોંગ્રેસ માટે એ પુનરાગમનની સોનેરી તક સમાન હતી. બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષોએ આ ચૂંટણી જીતવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું. બેઉ પક્ષોના વરિષ્ઠ નેતાઓએ લોકરંજક અભિગમ અપનાવી લોકશાહીનાં અને સવિશેષ બંધારણમાં નિર્દેશિત આદર્શોનાં પોથીમાંથી રીંગણા દૂર ફગાવી સિદ્ધાંતો સાથે સમાધાન કર્યા. વડાપ્રધાન એમના પદની ગરિમાથી ઘણા નીચે ઊતરી ગયા તો વળી કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધીએ કોંગ્રેસમાં નવું જોમ ઉમેરવા માટે ખુદ કોંગ્રેસીઓને કોરાણે મૂકવાનું જોખમ ઉઠાવ્યું. હવે પરિણામો તો અઢારમીએ આવશે, પણ જો વિવિધ એજન્સીઓ મારફત કરાવેલ 'ઍક્ઝિટ પોલ' માં પોલંપોલ ન નીકળે તો આ સમગ્ર કર્મકાંડમાં છેલ્લે તો ઘીના ઠામમાં ઘી પડી રહે એવી સ્થિતિ સરજાશે. લોકશાહીમાં કોઈ એક જ પક્ષ સતત શાસન કરતો રહે તો એથી સરવાળે નુકશાન જ જતું હોય છે. પરંતુ ગુજરાતીઓ કદાચ પરિવર્તનને બદલે યથાસ્થિતિવાદના જ પુરસ્કર્તા રહ્યા છે. એમને કોંગ્રેસ કાળમાં કરફ્યુ અને કોમી રમખાણો હજી ભુલાયાં નથી. કોંગ્રેસે વર્ષો સુધી દેશ આખામાં એકચક્રી શાસન કર્યું હતું. કેન્દ્ર ઉપરાંત રાજયોમાં પણ કોંગ્રેસના નામે પથરો ઊભો રહે તો પણ એ ચૂંટાઈ જતો હતો. ગુજરાતમાં મહાગુજરાતની ચળવળ પછી કોંગ્રેસને પહેલો પડકાર ૧૯૭૬ની ચૂંટણી વખતે સ્વતંત્ર પક્ષ તરફથી મળ્યો હતો. ભાઈકાકાના નેતૃત્વ હેઠળ ભેગા થયેલા મૂડીવાદી વિચારસરણી ધરાવતા સ્વતંત્ર પક્ષનો તારો ઊગે તે પહેલાં આથમી ગયો તે પછી કોંગ્રેસને બીજો પડકાર ખુદ કોંગ્રેસીઓ તરફથી સાંપડ્યો હતો. મોરારજી દેસાઈના પ્રસ્થાપિત નેતૃત્વ સામે ઈંદિરા ગાંધીના સમર્થનમાં બહાર પડેલા રતુભાઈ અદાણી, ઝીણાભાઈ દરજી અને કાંતિલાલ ઘીયા તથા ચીમનભાઈ પટેલ જેવા નેતાઓએ બૂંગિયો ફૂંક્યો ત્યારથી ગુજરાતમાં ઈંદિરા ગાંધી પરિવારના શાસનનો પ્રારંભ થયો લેખાય. એ પરંપરાના રાહુલ ગાંધી માટે ગુજરાત આ ચૂંટણી કારકિર્દીના શુભારંભ સમી પુરવાર થઈ શકે એમ હતી. જો કે વધુ પડતા ઉત્સાહમાં રાહુલ ગાંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિતા શાહ જેવા સમર્થ નેતાઓની તાકાતને નજર અંદાજ કરીને ગુજરાતમાં એ બેઉને બરાબર 'ઓળખનારા' શંકરસિંહ વાઘેલાને ન સમજી શક્યા. શંકરસિંહ વાઘેલાનો બળવો શમાવી શકાય એમ હતો. અહમદ પટેલને બદલે શંકરસિંહ વાઘેલાને રાજયસભામાં મોકલી શકાયા હોત. પાટીદારોના મત કબજે કરવા માટે રાહુલ ગાંધીએ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને ઓબીસી નેતા ભરતસિંહ સોલંકીને ટિકિટ જ ન આપી! આથી ઊલટું જેની વફાદારી શંકાસ્પદ ગણાય એવા ઠાકોર સેનાના સેનાપતિ અલ્પેશ ઠાકોરને અને એમના નવયુવાન સાથીઓને કોંગ્રેસની સલામત સીટો બઝાડી દેવાઈ. દલિત નેતા જિજ્ઞેશ મેવાણીને સાચવી લેવા વડગામના ચાલુ ધારાસભ્યને ઈડરની આખરી બેઠક આપી દીધી. ભૂલોની આવી પરંપરાને કારણે કદાચ કોંગ્રેસના હોઠ લગી આવેલો કોળિયો પાછો ભાજપના ગળે ઊતરે તો એમાં પ્રજાનો દોષ નથી. પ્રજા તો કોંગ્રેસને વધારવા તૈયાર બેઠી હતી. જો કોંગ્રેસ એનું મનોગત ન વાંચી શકી હોય તો એની છેલ્લી જવાબદારી તો નહેરુ-ગાંધી પરિવારના શાહજાદાની જ ગણાશે.

# સત્યાગ્રહ એ સ્વાભાવિક છે એટલે 'હિસ્ટ્રી' તેની નોંધ કયારેક ના લે !

**પ્રજાને સત્તા કેવળ ધારાસભા મારફતે જ મળતી નથી**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

બે દિવસ પહેલા જ સર્વે ગુજરાતીઓ રાજય વિધાનસભાની ચૂંટણીમાં પોતાના મતનો અધિકાર ઉપયોગ કરવાની તક મળી હતી. બે તબક્કામાં ગુજરાતના થયેલા મતદાનમાં મતદાનની ટકાવારી ૭૦%થી વધવાની કોઈ શકયતા નથી. આઝાદીના આટલા વર્ષો પછી પણ મતદાન જાગૃતિ આપણને જોઈએ એટલી શ્રદ્ધાપ્રદ મળતી નથી. ચૂંટણી મતદાનના આંકડા દર્શાવે છે કે દર દસ ગુજરાતીઓએ ત્રણ ગુજરાતીઓએ મતદાન કર્યું નથી. આપણા માટે આ ચિંતાજનક બાબત છે. અલબત્ત મતદાન જાગૃતિ બાબતેની ચર્ચા ગાંધીવિચારની આ કોલમમાં અસ્થાને છે.ગાંધી લોકશાહી શાસનમાં શું માનતા હતા તેની ચર્ચા આજના લેખમાં આપણે જોઈશું.

લોકશાહી સંદર્ભે ગાંધી કહે છે કે દુનિયામાં આટલા બધા માણસો હજુ છે એ એમ જણાવે છે કે દુનિયાનું બંધારણ હથિયારબળ ઉપર નથી પણ સત્ય, દયા કે આત્મબળ ઉપર છે. દુનિયાની સેંકડો પ્રજા સંપથી રહેલી છે. એની નોંધ 'હિસ્ટરી' લેતી નથી, 'હિસ્ટરી' લઈ ફણ ન શકે. કુટુંબના બે ભાઈઓ વચ્ચે કલેશ થાય તેમાં એક ભાઈ બીજા સામે સત્યાગ્રહ વાપરે તો બંનેમાં સંપ પાછો આવી જાય. આવા કૌટુંબિક પ્રશ્નો સત્યાગ્રહથી ઉકેલાય એની નોંધ કયાંક ના આવે. જો બંને ભાઈઓ વેરભાવનાથી હથિયારથી કે વડીલોની મદદ સાથે અદાલતમાં લડત તો તેઓના નામ છાપે ચઢત, આડોશીપાડોશી જામત અને વખતે તવારીખમાં નોંધાત. જેમ કુટુંબોમાં, જેમ જમાતોમાં, જેમ સંઘોમાં અને તેમ જ પ્રજામાં, એમ તેઓ સમજાવે છે. હિસ્ટરીએ અસ્વાભાવિક વિનાની નોંધ લે છે જયારે સત્યાગ્રહએ સ્વાભાવિક છે એટલે તેની નોંધ લેવાપમું રહેતું નથી.

ગાંધીજીએ સ્વરાજનો અર્થ સમજાવતા કહ્યું હતું કે જે સ્વરાજ મેળવવાને અને નભાવવાને એ પ્રકારના સતત પ્રયાસની જરૂર ન હોય તેની કોઈ કિંમત નથી. એટલે વચનથી અને કર્મથી એ બાબત દર્શાવવાનો પ્રયત્ન હરહંમેશ કરતા રહેવો જોઈએ. મોટાભાગની સ્ત્રીઓ અને પુરુષો માટેનું સ્વરાજ વ્યક્તિના સ્વરાજ કરતાં વધારે નથી અને તેથી વ્યક્તિના સ્વરાજને માટે અથવા માણસે પોતાના પર પોતાનું શાસન સ્થાપનાને માટે જે સાધનો જરૂરી છે, બરાબર તે જ સાધનો સ્વરાજ મેળવવાને પણ જરૂરી છે.

ગાંધીજી રાજસત્તા બાબતે સરસ મજાની વાત કરે છે તેઓ કહે છે :

હકનું બીજ ફરજ છે. આપણે બધા આપણી ફરજ અદા કરીએ તો હક આપણી પાસે જ છે. ફરજ છોડી હકને બાઝવા જઈશું તો તે ઝાંઝવાનાં નીર જેવા છે. જેમ તેની પાછળ જઈએ તેમ તે નાચે છે. એ જ વસ્તુ કૃષ્ણે તેની દિવ્ય વાણીમાં ગાઈ બતાવી : 'હે રાજા, કર્મનો જ તને અધિકાર છે; ફળનો કદી ન હજો.' કર્મ તે ધર્મ છે; હક તે હક છે.

મને નામની રાજયસત્તા નથી જોઈતી, કામની જોઈએ છે. એ આપણું સાધ્ય નથી, પણ પ્રજાની સ્થિતિ દરેક રીતે સુધારવાનું સાધન છે. રાજયસત્તા મેળવવી એટલે દેશના પ્રતિનિધિઓ દ્વારા પ્રજાજીવનને ઘડવાની સત્તા આપવાની ગરજ ન રહે. તે વેળા એક પ્રકારનું સંસ્કારી, સંયમી અરાજક હશે. એ અરાજકમાં દરેક પોતપોતાના અંકુશમાં હશે, પોતપોતાનો રાજા હશે. એ એવી રીતે પોતાને અંકુશમાં રાખશે કે જેથી તેના પડોશીને તે જરાયે હરકતકર્યા ન થઈ પડે. એટલે આદર્શ રાજય તે છે જેમાં રાજયસત્તા નથી, કારણ સામુદાયિક રાજય જ નથી. પણ એ આદર્શ લીટીની વ્યાખ્યા જેવું થયું. એટલે જ થોરોએ પોતાનું મહાકાવ્ય ઉચ્ચાર્યું કે જેમાં રાજયસત્તાનો અમલ અલ્પમાં અલ્પ તે રાજય ઉત્તમોત્તમ.

અંતમાં ગાંધીજીની એક સટીક વાતનો ઉલ્લેખ કરવા જેવો છે. ગાંધીજી કહેતા હતા કે 'અંગ્રેજો ચાલ્યા જાય એટલામાં પૂર્વ સ્વરાજ આવી જતું નથી. દરેક દેશવાસીને થઈ જવું જોઈએ કે હવે મારું ભાગ્ય હું ઈચ્છું તેમ ઘડી શકું છું. મારા પ્રતિનિધિઓ મારફતે મારે જે કાયદા કરવા હોય તે કરી શકું છું. આપણે લાંબા વખતથી એમ માનવાને ટેવાયા છીએ કે પ્રજાને સત્તા કેળવ ધારાસભાઓ મારફતે મળે છે. આ માન્યતાને ગાંધીજીએ એક ગંભીર ભૂલ ગણાવી હતી. આ એક ભ્રમ છે અને કાં તો આપણી જડતા છે કાં તો અંગ્રેજોના રીતરિવાજોએ આપણા પર જે ભૂરકી નાંખી છે તેના કારણે છે. આ સંબંધેની વધુ ચર્ચા આગામી અંકમાં કરીશું.' (લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# વાડીલાલ ડગલી : એક બહુમુખી પ્રતિભા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

અમદાવાદ જિલ્લાના પાણીની અછત ભોગવતા ધંધુકા તાલુકાના નાના એવા ગામ રોજિદમાં જન્મ લઈને ભારત સરકારને મહત્વના નિર્ણયો કરવામાં ઉપયોગી બને તેવો અહેવાલ ભારત સરકારની વિનંતીથી તૈયાર કરીને આપે તેવી ભાતીગળ જીવનયાત્રા એ અશક્ય નહિ તો પણ અસાધારણ તો ગણાય જ. પ્રસિધ્ધ લેખક, સમર્થ કવિ, નીડર પત્રકાર તેમજ રંકનું આયોજન વિચારનાર મોટા ગજાના અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલી આપણા સુપ્રખ્યાત બૌધ્ધિકોમાં અનોખુ સ્થાન અને માન ધરાવે છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો અપાર સ્નેહ વાડીભાઈને મળ્યો. ભાલ નળકાંઠાના ગામડાઓ માટે જીવતરના અમી સિંચનાર મુની સંતલાલજીના સંસ્કારો પણ વાડીભાઈના જીવનમાં દેખાયા. જીવતરના પ્રારંભિક વર્ષોમાં જ પિતાની છત્રછાયા ગુમાવનાર વાડીભાઈએ હાડ થીજવી નાખે તેવી ગરીબીનો અનુભાવ કર્યો હતો. આ સ્થિતિનું તેમને સદાયે સ્મરણરહ્યું. ''રંકનું આયોજન'' લખનાર આ અર્થશાસ્ત્રી વંચિતોની વેદના તરફ સમભાવ-મમભાવ ધરાવતા હતા. કપરામાં કપરી અને પડકારરૂપ આર્થિક સ્થિતિનું નીરાકરણ તેમને વંચિતોના વિકાસમાં દેખાયા કરતો હતો. આ અર્થશાસ્ત્રી કદી વહેતા પ્રવાહમાં તણાયા નથી. વિકાસના કેન્દ્રમાં માનવીને જોવાની તેમની સતત ઝંખના રહી હતી. કોઈપણ દેશનું માનવબળ એ નાણાબળ કરતાં અનેકગણું સમૃધ્ધ સાધન છે તેમ તેઓ માનતા હતા. આથી જ મેનેજમેન્ટનો હેતુ માત્ર નફા માટેનો નહિ પરંતુ ગરીબી હળવી કરવાનો હોવો જોઈએ તેમ તેઓ માનતા અને કહેતા હતા. ગામડાની બેરોજગારી દૂર કરવા માટે ખેતી સાથે નાના નાના ગ્રામોદ્યોગનો વિકલ્પ તેમને અર્થપૂર્ણ લાગતો હતો. જળ, જમીન અને જંગલને તેઓએ અર્થતંત્રના કલ્પવૃક્ષ સમાન ગણાવ્યા છે. પંડિત સુખલાલજી તથા મોરારજી દેસાઈનો પૂર્ણ વિશ્વાસ તેઓ મેળવી શક્યા હતા જૈન તત્વજ્ઞાનનું અને જીવન જીવવાના ખમીરનું સિંચન વાડીભાઈના જાજવલ્યમાન માતાએ તેમનામાં કર્યું હતું. સી.એન.વિદ્યાવિહાર અમદાવાદના આ હોનહાર વિદ્યાર્થીએ જીવનભર વિદ્યાવિહાર કર્યો હતો. એક ક્રાંતિકારીને છાજે તેવા મીજાજથી ૧૯૪૨ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ તેઓ જોડાયા હતા. પંડિત સુખલાલજીની પ્રેરણાથી વાડીલાલ ડગલી ૧૯૪૮માં અમેરિકા ગયા. કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય રાજકારણ અને વેપારનો અભ્યાસ કર્યો. વિદેશ જતા પુત્રવત વાડીભાઈ પાસે સુખલાલજીએ બે સંકલ્પ કરાવ્યા: (૧) વિદેશમાં ભણી રહ્યા પછી સ્વદેશ પાછા આવીને દેશને ઉપયોગી કાર્યમાં પ્રવૃત્ત થવું. (૨) વિદેશોની ભાષમાંથી મેળવેલુ જ્ઞાન આપણી માતૃભાષા થકી આપણા લોકો સુધી પહોંચાડવું. આ સંકલ્પો જોયા પછી સમજાય છે કે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી કેટલા દૃષ્ટિ સંપન્ન હશે! પંડિતજીના આશીર્વાદ મળ્યા પછી વિદેશ જવા માટે આર્થિક જવાબદારી સબંધે એક ગેરંટી આપવાની રહેતી હતી. આવી ગેરંટી 'સૌરાષ્ટ્રના સિંહ' સમાન ગણાતા જન્મભૂમિના તંત્રીશ્રી અમૃતલાલ શેઠે આપી હતી. અમેરિકામાં સ્વાશ્રયભર્યું જીવન જીવીને તેઓ પોતાના ખર્ચ જેટલી આવક મેળવી લેતા હતા.

વાડીભાઈ કવિ ઉપરાંત ગદ્યસ્વામી પણ હતા. ''થોડા નોખા જીવ'' નામના તેમના પુસ્તકમાં જે મોંઘામૂલા માનવીઓના જીવન વ્રતાંત તેમણે લખેલા છે તે રસપ્રદ અને આરપાર અસર કરે તેવા છે. ગુજરાતી ગદ્યના શહેનશાહ ગણી શકાય તેવા સ્વામી આનંદ વિશે વાડીભાઈ લખે છે : ''સ્વામી આનંદ એટલે નરવા ઉદગારોનો ફુવારો. શબ્દ એમના ચિત્તમાંથી ચળાઈને આવે ત્યારે એવો નવો નકકોર લાગે કે અનાયાસે મનમાં આનંદ આનંદ થઈ જાય. (સ્વામીદાદા) મૂંગા બેઠા હોય તોય લાગે કે આ તે કયા મલકની માયા! બોલે ત્યારે લોક ડિકસનેરીના શબ્દો ધાણીની જેમ ફટફટ ફૂટવા માંડે. ... કામ પતાવી વિદાય થાય પછી એ બાંયો ચડાવેલી ચેતનાના લિસોટા મેલતો જાય એવો માનવી !'' સ્વામીદાદાનું કેવુ અદભૂત છતાં વાસ્તવિક શબ્દચિત્ર !

અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલી વિદેશમાં પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં ભણ્યાં દુનિયાના ઘણાં દેશોનો પ્રવાસ કર્યો. આ બધી બાહ્ય સિધ્ધિઓ કે ઝાકળમાળ જોયાં છતા તેમનું હૃદય સંપૂર્ણપણે મૂળ સાથે જોડાયેલું તેમજ રુજુતાથી ભરપુર હોય તેમ જણાય છે. સમાજમાં સ્નેહ તથા સંવાદીતાનો સુર વિલાય નહિ તે માટે તેઓ સતત ચિંતા સેવતા રહે છે. જૈન સંસ્કાર તથા પંડિત સુખલાલજી જેવા આચાર્યના વચનો તેમણે પોતાના વાણી તથા વર્તનમાં ઉતાર્યા છે. માનવીની બીન સંવેદનશીલતા તરફ અંગુલિનિર્દેશ કરતા તેઓ લખે છેઃ

''મારું માનવું છે કે આધુનિક સમાજનો અસાધ્યરોગ હૃદયની કૃપણતા છે... આપણી આંખો જાત તથા કુટુંબ સિવાય બીજા કોઈને દેખી નથી શકતી... બાઈબલની ઉકિત પ્રમાણે જીવન રોટલાથી કંઈક વધુ છે. જીવનના રોટલાનું મોણ ઉષ્મા છે. આ મોણ વિનાબાગ બગીચા પણ રણ થઈ જાય.'' પોતાની એક કાવ્ય પંકિતમાં પણ કવિ વાડીલાલ ડગલી અંતરની વ્યથા વ્યકત કરતા કહે છેઃ

કોને રે કહીએ વાલા
કોને રે કહીએ !
દલના દુકાળની વાતું
કોને રે કહીએ ?

પરિચય પુસ્તિકા (મુંબઈ)ના પ્રણેતા તરીકે વાડીભાઈને કદી વિસરી નહિ શકાય. વાડીલાલ ડગલી અને યશવંત દોશીએ આ પ્રવૃત્તિના ઉંડા તથા મજબૂત પાયા નાખેલા છે. આ પ્રવૃત્તિ થકી વિવિધ વિષયોની પ્રાથમીક જાણકારી વિશાળ વાચકવર્ગને મળી છે. અનેક વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને આ પરિચય પુસ્તિકાઓએ જ્ઞાનની નવી નવી ક્ષિતિજોનું વિહંગાવલોકન કરાવેલું છે. આથી આજે પણ પરિચય પુસ્તિકાનુ નિયમિત વાચન કરનાર એક વર્ગ છે. આપણી માતૃભાષાના ગૌરવરૂપ આ પ્રવૃત્તિ જ ડગલી સાહેબનું ભાતીગળ સ્મારક છે. રાજકારણનો જીવ તેઓ ન હતા. આથી ૧૯૬૭માં સંસદની ચૂંટણી સુરેન્દ્રનગરથી લડ્યા ત્યારે પરાજિત થયા. તેઓ સંસદ કે ધારાસભામાં ગયા હોત તો રાષ્ટ્ર કે રાજયને એક જાગૃત અને દૃષ્ટિસંપન્ન પ્રતિનિધિનું દર્શન થઈ શક્યું હોત. સાપ્તાહિક કોમર્સના તંત્રી તરીકે તેઓ 'એડિટર્સ નોટબુક'ની કોલમથી પોતાના સ્વતંત્ર વિચારો નિર્ભયતાથી લખતા હતા. ૧૯૮૫ના ડિસેમ્બર માસમાં વાડીલાલ ડગલી માત્ર ૫૯ વર્ષની વયે ચિર નિદ્રામાં પોઢી ગયા. ડિસેંબર મહીનામાં આ ગરવા ગુજરાતીની સ્મૃતિ તાજી કરીને તેને નમન કરવાનો સમય છે.

# સાહિત્યસભા દ્વારા 'ચૂંટણી કાવ્યો'નો કાર્યક્રમ રજૂ થયો



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ચૂંટણીના ગરમાગરમ માહોલમાં 'ચૂંટણી કાવ્યો'નો પ્રસ્તુતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યક્રમ યોજીને, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને મહેંકતું અને મઘમઘતું રાખવામાં આવે છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીના માહોલને અનુલક્ષીને આ માસની માસિક બેઠકમાં, સાંપ્રત સમયને અનુરૂપ 'ચૂંટણી કાવ્યોની પ્રસ્તુતિ'નો સ્વમુખે પઠનનો કાર્યક્રમ ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મોટા ભાગના કવિઓએ અને લેખકોએ તેમની સ્વરચિત રચનાઓમાં રાજકારણ અને ચૂંટણીને અનુલક્ષીને કટાક્ષોની ઝડી વરસાવી હતી. સરકાર, સિસ્ટમ, મતદાતા, મતદાન અને નેતાઓ પણ કટાક્ષ કરતા કાવ્યોમાં એન.ડી. જોષી - નેતા અને ટિકિટ વાંચ્છુ કાર્યકર, રચના ; રઘુસિંહ ગોલે - ચૂંટણી આવી રચના ; મહેન્દ્ર રાઠોડે - આ કથામાં કાંઈ નથી રચના ; ડૉ. મુકેશ જોશીએ - એક મત તો આલ તું ; રણછોડ પરમારે - વિકાસ કરો ભાઈ વિકાસ કરો ; ભીખું કવિએ - ચૂંટણીનાં ધાડાં આવ્યા ; ગુલાબચંદ પટેલે - ચૂંટણી ટાણું સંભાળ નેતાજી ; સુમંત શાહે - મોદીએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી., સંજય થોરાતે 'ટિકિત' નામની માઈક્રોફિકશનમાં લાલ દાઢી - સફેદ દાઢી - સાથે રાજકારણનું સેટીંગ વ્યક્ત કર્યું હતું તથા અન્ય વાર્તા પાસ-ફેસમાં હાર્દિક પટેલ પર કટાક્ષ કર્યા હતા. સભાના અધ્યક્ષ સ્થાનેથી નટવર હેડાઉએ 'મતદારી' અને 'સરદાર વરસે છે' જેવા સાંપ્રત કાવ્યોની પ્રસ્તુતિ કરી હતી. આમ પ્રવર્તમાન ચૂંટણીના ગરમાગરમ માહોલને કવિઓએ ચાબખા મારી વધુ ઉત્તેજિત બનાવી ઠંડક ભર્યા વાતાવરણને હૂંફાલું બનાવી દીધું હતું.

● ભારતીય વિદ્યાભવનની ચેન્નઈ શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીની કુમારી અક્ષરા અગ્રવાલ પોતાની નવલકથા 'લોસ્ટ - ધ - કેપ્ચર' ના પ્રકાશનથી રાતોરાત સાહિત્યજગતમાં પ્રખ્યાત થઈને તારક બની રહી છે. આ પુસ્તકનું વિમોચન ઓસ્ટ્રેલિયન રાજદૂત દ્વારા કરવામાં આવ્યું હતું.

● ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન દ્વારા ભારતીય વિદ્યાભવન દિલ્હી કેન્દ્રના નિયામક અશોક પ્રધાનને ખ્યાતનામ પુરસ્કાર 'પોલ એચ. એપબાય' થઈ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

● સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યાભવન કલા કેન્દ્રના સથવારે યોજાતા કાર્યક્રમોની શ્રેણીમાં ૧૨મી નવેમ્બરે રવિવારે ભવન-ચોપાટી ખાતે 'એવા રે મળેલા મનના મેળ' કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં બે કલા-સમર્પિત યુગલો - કથ્થક નૃત્યકારો મૌલિક શાહ તથા ઈષિરા પરીખ અને સંગીતકાર આલાપ દેસાઈ તથા નાટ્યકાર સ્નેહા દેસાઈ સાથે જાણીતા નાટ્યલેખક પ્રવિણ સોલંકીએ તે યુગલોના કલાજીવન તેમજ કુટુંબજીવન વિષે રસપ્રદ ગોષ્ઠી કાર્યક્રમ કર્યો હતો. આ ચારેય કલાકારોએ એમની કલાની ઝલક પણ રજૂ કરી હતી. આ સાહિત્યિક સંમિશ્રિત કાર્યક્રમનું સંકલન કેદયન ઠક્કર, કમલેશ મોતા તથા નિરંજન મહેતાએ કર્યું હતું.

● ડૉકટર તરીકેની કામગીરી ઉપરાંત સતત લખતા રહેતા ડૉ. પ્રદીપ પંડ્યા (જ.તા. ૨૯ એપ્રિલ, ૧૯૪૨) નું ૭૫ વર્ષની વયે અવસાન થયું. તેમણે મુખ્યત્વે નવલકથાઓ લખેલી. ખાસ કરીને તબીબી દુનિયામાં, એમાંનાં સારા પાસાં, તેમજ ગુનાખોરી અને રહસ્યના કથાવસ્તુ લઈને, ઉપરાંત એમણે વાર્તા, કવિતાનું લેખક તથા કેટલાક અનુવાદો પણ કરેલો. તેમણે પિતાની પુણ્યસ્મૃતિમાં 'કમળાશંકર પંડ્યા ફાઉન્ડેશન'ની સ્થાપના કરેલી જેમાંથી એવોર્ડ વગેરે સાહિત્ય પ્રવૃત્તિઓ ચલાવતા હતા. સાહિત્યકાર પ્રદીપભાઈ પંડ્યાને સસ્નેહ શ્રદ્ધા સુમન અર્પણ.

● ભારતીય વિદ્યાભવનના વાકાડાંચેરી કેન્દ્રની એસ. રામકૃષ્ણ મેરોરિયલ પબ્લિક સ્કૂલ દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય વિશેષતા સંસ્કૃત વકતવ્ય અને સંસ્કૃત હસ્તપ્રતવાળા સામયિકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ની વિદ્યાર્થીની ઐશ્વર્યા નારાયણન, ભાવના તેમજ દેવિકાએ વકતવ્યો આપ્યા હતા.

● સુરત નર્મદ સાહિત્યસભા અને સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે નર્મદ સાહિત્ય સભા તરફથી સને ૨૦૦૮થી ૨૦૧૨ દરમિયાન પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોમાંથી શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ કવિ રઈશ મનીઆર -લિખિત 'આમ લખવું કરાવે અલખની સફર'ને 'નર્મદચંદ્રક' નાનુભાઈ નાયકના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શેઠ બી.સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલીના સંયુકત્ ઉપક્રમે, તારાબેન મંગળદાસ, વ્યાખ્યાનમાળા અંતર્ગત આર્ટસ કૉલેજ વડાલી ખાતે એક વ્યાખ્યાન યોજાઈ ગયું ; જેમાં સરદાર પટેલ યુનિ.ના ડૉ. પરમ પાઠકે 'સંશોધન લોકવાણીનું' વિષય પર વકતવ્ય આપ્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. એન. આર. પટેલે મહેમાનોનો પરિચય આપી, શબ્દોથી સ્વાગત કરી કાર્યક્રમની શરુઆત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડૉ. પી.આર. પટેલે અને આભારવિધિ પ્રાધ્યાપક આરતીબેન રાઠોડે કરી હતી.

- muljibhaidadhi@gmail.com